# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-07-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ખેડુતોની આવક અને ખાદ્યાન્નનું ઉત્પાદન-:

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં ખેડૂતોની આવક અને ખાદ્યાન્નનું ઉત્પાદન વધારવા માટે અનેક પગલાં લીધા છે. જેમાં ઉત્પાદનમાં વધારો, ખર્ચમાં ઘટાડો, નુકસાનનું વળતર અને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ આપવાનો સમાવેશ થાય છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી ચૌહાણે કહ્યું કે, ખાદ્યાન્નનું ઉત્પાદન 2013-2014માં 246 મિલિયન ટનથી વધીને આજે 353 મિલિયન થયું છે. તેમણે કહ્યું કે, કઠોળનું ઉત્પાદન પણ 2013-2014માં 16 મિલિયન ટનથી વધીને 25 મિલિયન ટનથી વધુ થયું છે.

---------------------------------------------------------------------------------------

## વિવિધ જાહેરનામા:

જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આગામી ૧૨ ઓગષ્ટ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધી જાહેર કરાઈ છે.

આ ઉપરાંત, અન્ય એક જાહેરનામામાં જિલ્લા સેવા સદન, ભુજ તથા વિવિધ તાલુકા મથકો ખાતે આવેલા મધ્યસ્થ સેવા સદનો, તેમજ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, પોલીસ

અધિક્ષકની કચેરી, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, દરેક પોલીસ સ્ટેશનો, જાહેરસ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા પર આગામી ૧૨ ઓગષ્ટ સુધી મનાઇ ફરમાવવામાં આવી છે.

અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઇ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઇને આવેદન પત્ર આપવા પર મનાઇ ફરમાવવામાં આવી છે.

અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા બિનઅધિકૃત વ્યક્તિઓને સરકારી કચેરીઓમાં પ્રવેશ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

---

## ભુકંપનો આંચકો:

ખાવડા નજીક મધરાતે 3.7ની તિવ્રતાનો ભૂકંપ નો આંચકો નોંધાયો હતો. સિસમોલોજી રિસર્ચ સેન્ટર ગાંધીનગરના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે 12 વાગીને 11 મિનિટે ખાવડાથી 40 કિલોમીટર દૂર 3.7ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. સ્થાનિક લોકોએ આ આંચકાની અનુભૂતિ નહિવત અનુભવી હતી.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લો ભૂકંપ ઝોન 5માં આવે છે અને તાજેતરમાં સતત ધરતીકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. એક સપ્તાહમાં આ ચોથો આંચકો નોંધાયો છે.

---

## સરપંચ સંગઠન દ્વારા રજુઆત:

જિલ્લાના શિક્ષણ, ગૌચર સહિતના વિવિધ પ્રશ્નને લઈને કચ્છ જિલ્લા સરપંચ સંગઠન દ્વારા જીલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે, કચ્છની શાળાઓમાં કુલ મહેકમના 31 ટકા જગ્યાઓ ખાલી છે અને 14 ટકા શિક્ષકો જીલ્લા ફેરની રાહમાં છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક

શિક્ષકોની નિમણૂંક કરાય અને સ્થાનિકોને પ્રાથમિકતા મળે તેવી માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત, દરેક ગ્રામ પંચાયતોની નિમ થયેલી ગૌચર જમીનનું સરકારી ખર્ચે ડિમારકેશન થાય, ગૌચર જમીનના વિકાસ માટે સત્તા ગ્રામ પંચાયતોને સોંપાય, ગૌચર વિકાસ માટે ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

તેમજ DMFની ગ્રાન્ટ બાબતે આવેદનપત્રમાં જણાવાયું છે કે, જે ગામોમાંથી વધુ રોયલ્ટી આવે છે તે ગામોને DMF ની ગ્રાન્ટ તે પ્રમાણમાં ફાળવવા અને આવા ગામોમાં વિકાસના કામોને પ્રાથમિકતા અપાય તેવી રજૂઆત કરાઈ છે.

---------------------------------------------------------------------------------------------------

## <u>નાગપંચમીનો મેળો:</u>

કચ્છનું પાટનગર ભુજ જેની ગોદમાં વસ્યું છે એ ભુજીયા કિલ્લાની તળેટીમાં આજે નાગપંચમી નિમિતે મેળો ભરાયો છે. લોકો ભુજીયાનાં શિખર પર ચડવાનો આનંદ માણે છે. 2001ના ભૂકંપ પછી ભુજીયા કિલ્લા વિસ્તારમાં સ્મૃતિ વનનું નિર્માણ થયું છે. આ વખતે સારા વરસાદના કારણે ડુંગર પર હરિયાળી છવાઈ છે. જેથી લોકોમાં મેળો માણવાનો અનેરો આનંદ જોવા મળે છે.

ઐતિહાસિક જાણકારી મુજબ ભુજ શહેરની સુરક્ષા માટે કચ્છના રાજવી રાવ ગોડજી અને દેશલજીના પ્રથમના શાસન કાળમાં 520 ફુટની ઊંચાઈ ધરાવતા કિલ્લાનું નિર્માણ થયું હતું. રાજાશાહી પરંપરા મુજબ આજે મેળાના પ્રારંભે રાજ પરિવાર દ્વારા 293 વર્ષની રાજ પરંપરા મુજબ પૂજા કરવામાં આવી હતી.

મેળાના ભાગરૂપે જીલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે જેમાં આરટીઓ સર્કલથી આત્મારામ સર્કલ તરફ જતો માર્ગ, સરદાર વલ્લભભાઇ પટેલના પુતળાથી આત્મારામ સર્કલ, જથ્થાબંધ માર્કેટથી આત્મારામ સર્કલ ચાર રસ્તા તરફ ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## નેત્ર નિદાન સાર સારવાર કેમ્પ:

રાપરના દરીયાસ્થાન મંદિર ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ અને લોહાણા મહાજનના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ 110 લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. તેમાંથી 36 દર્દીઓને મોતિયા તથા વેલના ઓપરેશન માટે રાજકોટ સ્થિત રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવશે.

---

## હવામાન:

હવામાન વિભાગે આજે દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળો એ ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન માછીમારોને પહેલી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ છે.રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટતા ઓગણ-સિત્તેર તાલુકામાં વરસાદ થયો છે.

---

## યોગાસન સ્પર્ધા:

કચ્છ યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા આદીપુર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ હતી.

એશિયાડ રમતોમાં સમાવિષ્ટ યોગાસન સ્પોર્ટ્સમાં કચ્છના શ્રેષ્ઠ યોગ રમતવીરોનું કૌશલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધા દરમિયાન ત્રણ વયજૂથમાં દસ વિવિધ પ્રકારની ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

---